
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## પર્વાધિરાજ પર્યુષણ પર્વના માંગલિક પ્રસંગે

### પ્રાર્થના

सकलार्हत्प्रतिष्ठानमधिष्ठानं शिवश्रियः ।

भूर्भुवः स्वस्त्रयीशानमार्हन्त्यं प्रणिदध्महे ॥

સર્વે અર્હંતોનું પ્રતિષ્ઠાન, સર્વ કલ્યાણોનું અધિષ્ઠાન અને પાતાળ, પૃથ્વી, સ્વર્ગ એ ત્રણેયનું નિયામક એવા અર્હત્પદને અમે પ્રણમીએ છીએ.

### ક્ષમાપના

यद्यन्मनसा बद्धं यद्यद्वाचया भाषितं पापम् ।

यद्यत्कायेन कृतं मिथ्या मे दुष्कृतं तस्य ॥

જે જે પાપવૃત્તિઓને મેં મનમાં સંકલ્પેલી હોય, જે જે પાપવૃત્તિઓને મેં વાણીથી ઉચ્ચારી હોય અને જે જે પાપવૃત્તિઓને મેં શરીરદ્વારા આચરી હોય તે તે મારી પ્રવૃત્તિઓ-તે તે મારૂં દુષ્કૃત મિથ્યા હો.

### શુભેચ્છા

सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ।

સર્વે પ્રાણીઓ સુખી થાઓ, સર્વે નિરોગી બનો અને સર્વે કલ્યાણને જૂઓ. કોઇપણ દુઃખી ન હો.


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૯
અંક
૧૧

ભાદરવો
સં. ૨૦૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | ક્ષમા યાચના | કુન્દનલાલ કાનજીભાઈ | ૧૪૫ |
| ૨ | સાચી પ્રભુભક્તિ | | ૧૪૬ |
| ૩ | સુખની ચાવી | | ૧૪૬ |
| ૪ | યોજકસ્તત્ર દુર્લભ: | | ૧૪૬ |
| ૫ | હારની ચોરી | | ૧૪૭ |
| ૬ | માનવતાનું પ્રાગટ્ય | | ૧૫૩ |
| ૭ | અજારા તીર્થ | મુ. શ્રી વિશાળવિજયજી | ૧૫૬ |
| ૮ | પાંચમી થિરા દૃષ્ટિની સઝાય | વલ્લભદાસ નેણશી | ૧૫૮ |
| ૯ | સ્વીકાર ને સમાલોચન | | ૧૬૦ |


## આ સભાના નવા માનવંતા આજીવન સભ્યો

સલોત અમૃતલાલ રતીલાલ (ભગતભાઈ) ભાવનગર

શેઠ અનંતરાય હરીલાલ (કુંડલાકર) ભાવનગર

## ભેટ

શ્રી છોટાલાલ મગનલાલ ભાવનગરવાળા તરફથી આ સભાને શ્રી सिद्धहेमशब्दानुशासनम् ભેટ તરીકે મળેલ છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે.


# "સ્વાનુભવ-ચિન્તન"

જૈન તત્ત્વજ્ઞાન ઉપર સરળ શૈલિએ લખાયેલ અનુભવસિદ્ધ નિબંધોને અને કાવ્યોનો સુંદર સંગ્રહ.

આ સભાના ઉપપ્રમુખ શ્રીયુત ફતેહચંદભાઈ ઝવેરભાઈના અનુભવોનો નીચોડ રજુ કરતા નિબંધો અને કાવ્યોનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. તાજેતરમાં પ્રગટ થયો કે તરત જ આ ગ્રંથનો સારો ઉઠાવ થઈ રહ્યો છે.

આપે ને આ ગ્રંથ હજુ ન વસાવ્યો હોય તો તરત મંગાવી લેવા વિનતિ.

મૂલ્ય રૂા. બે (પોસ્ટેજ અલગ)

**લખો: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**


For Private And Personal Use Only

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૯મું ] ભાદરવો તા. ૭-૯-૬૨ [ અંક ૧૧

# ક્ષમા યાચના

( પૃથ્વી શિખરીણી )

પિતા જનની ને વળી સુહૃદ બ્હેન ને બાંધવો,
સગા વડીલ ને ગુરો સકળ વિશ્વના સૌ જીવો,
દુભાયા મ્હારાથી, ફરજ મમ ચુકયો કદીય જો,
ક્ષમા વાંછુ દૈન્યે, શુધ હૃદયથી માફ કરજો—૧

થયો દુ:ખદ હું કદી, સ્થુળ બળે કિમ્ બુદ્ધિથી,
કુચિન્ત્યુ મનમાં હશે તમ તણું બુરા દ્વેષથી,
વળી ભોંકયા ક્રોધે, કટુ વચનના શૈલ્ય તમને,
ક્ષમા દ્યો દોષોની પ્રિયજન! દયાવન્ત થઇને—૨

ક્ષમા કરવી તો ઘટે, પ્રભુ કને ક્ષમા યાચવા,
વહે ઝરણુ દિવ્ય એ વિમલતા જગે અર્પવા,
ક્ષમાવી અન્યોન્યે સુખકર થઇ આત્મ સર્વે,
અને નિત્યે મ્હાલી વિભુ સદનમાં સ્નેહ પર્વે—૩

કુન્દનલાલ કાનજીભાઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાચી પ્રભુભક્તિ

રબિયા એક મહાન સૂફી સંતબાઇ હતાં. આપણા ભક્તોમાં જેવું સ્થાન મીરાંનું છે તેવું જ સૂફી સંતોમાં રબિયાનું અનન્ય સ્થાન છે.

એક દિવસ બપોરના વખતે એક હાથમાં જલતી મસાલ અને બીજા હાથમાં પાણી ભરેલો કૂંજો લઈ રબિયા બહાર નીકળી પડ્યાં, અને ભરબજારમાં અલ્લાહનું નામ પોકારતાં પોકારતાં ફરવા માંડ્યાં લોકો આશ્ચર્યથી તેમની સામે જોઇ રહ્યા. કોઇએ તેમને આ વિચિત્ર આચરણનું કારણ પૂછયું. રબિયાએ જવાબમાં કહ્યું કે

'આ મશાલથી હું સ્વર્ગનાં તમામ સુખોને ભસ્મીભૂત કરી દેવા માગું છું. કારણ કે સ્વર્ગની લાલચથી ખુદાને ચાહવા એતો સોદાગીરી છે એમાં સાચો પ્રેમ નથી. આ કૂજાથી હું નરકની આગને ઠારી નાંખવા માગું છું. કારણકે નરકના ભયથી ખુદાને ચાહવા એ તો નરી ડરપોક પામરતા છે. સાચા પ્રેમનો અડગ વિશ્વાસ અને અપાર ઉલ્લાસ એમાં કયાંથી મળે?

રબિયાની આ અર્થપૂર્ણ ઉપદેશમય વાણી આપણને સાચી પ્રભુભક્તિનો સાચો માર્ગ બતાવે છે.

## સુખની ચાવી

દ્રૌપદી પર સંકટો આવવામાં બાકી નહોતી રહી, પણ ભયંકર મુશ્કેલીઓમાં યે તેનો સ્વભાવ સદાય આનંદી અને હસમુખો રહેતો, અને તે પતિઓની સેવામાં પ્રવૃત્ત રહેતી. શ્રીકૃષ્ણનાં પત્ની સત્યભામાને આ જોઇ ખુબ આશ્ચર્ય થતું. માણસ પર આટઆટલી આફતો આવે તો પણ ભાંગી પડવાને બદલે એ હસી ઊઠે એ જ તેમને મન કોયડો હતો. એક દિવસ તેમણે દ્રૌપદીને આટલા માનસિક સુખનું કારણ પૂછયું. દ્રૌપદીએ જવાબમાં કહ્યું કે

"सुखं सुखनेह न जातु लभ्यम्
दुःखेन साध्वी लभते सुखानि ।

સુખથી જ કાંઇ સુખની પ્રાપ્તિ થતી નથી. સાધ્વી સ્ત્રીઓ દુઃખમાંથી સુખો મેળવે છે. અર્થાત્ સુખની પાછળ દોડતાં તો સુખ નાસી જવાનું. પણ ત્યાગ અને સેવા દ્વારા દુઃખને માથે ચડાવતાં સુખ એની મેળે જ ખેંચાઇ આવે છે."

ખરેખર સાચા સુખની આ જ રહસ્યમય ચાવી છે.

## योजकस्तत्र दुर्लभः

પ્રત્યેક અક્ષર મંત્ર ભર્યો ચોટદાર છે પણ તેને ઉચિત રીતે વાપરવાની શક્તિ તથા આવડત જોઈએ. સમર્થ લેખકો ચાહે તે શબ્દવડે ઇપ્સિત અસર નીપજાવે છે. કવિ કોઇપણ શબ્દને કાવ્યમાં તેના પ્રબળ રૂપમાં વ્યક્ત કરે છે. બાકી શબ્દમાં પોતામાં કાંઇ જ ખામી નથી હોતી. તેમ જ દરેક મૂળમાં-વનસ્પતિમાં ખોરાકરૂપ નીવડવાનો છેવટ એકાદ ગુણ તો હોય છે જ. પણ તે ગુણની પિછાન હોવી જોઇએ. અગાઉના વૈદોની આ બાબતની નિપુણતા જાણીતી છે એ જ રીતે એકેએક વ્યક્તિ કાંઇ ને કાંઈ લાયકાત ધરાવતી હોય જ છે. માત્ર તેને તના બંધબેસતા કાર્યમાં જોડનાર કોઈ હોવું જોઈએ. આપણા દેશની ઘણીખરી માનવ-શક્તિ હજી પણ વ્યર્થ પડી છે-વેડફાય છે. દૃષ્ટપૂર્વક એને વિવિધ પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવે તો રાષ્ટ્રીય વિકાસનું કામ ઘણે અંશે સફળ થઈ પડે. પરંતુ આવા અક્ષર, મૂળ અને વ્યક્તિના સાચા યોજકો બહુ ઓછા સાંપડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હારની ચોરી

એમ કહેવાય છે કે-ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, કેવલજ્ઞાન ઉપાર્જીને અને તીર્થની સ્થાપના કરીને જે સમયે આ ભરતભૂમિના પૃથ્વીતલને પોતાના પાદવિહારથી પાવન કરી રહ્યા હતા, તે સમયે બનેલો આ એક બનાવ છે.

સાંતનુ નામના એક સુશ્રાવકને 'કુંજીદેવી' નામની સુશ્રાવિકા ધર્મપત્ની હતી. સાંતનુનો જન્મ ધનાઢય ઘરમાં થયો હતો. સાંતનુના પિતા જ મહા ધનવાન હતા એમ નહિ પણ પેઢી દર પેઢીથી એ ઘરમાં શ્રીમન્તાઈ ચાલી આવતી હતી. એથી એ ઘરમાં ભોગોપભોગમાં પણ સોના-ચાંદીનાં વાસણો વપરાતાં હતાં. સાંતનુ સોનાના પ્યાલે દૂધ પીતો અને ચાંદીનાં રમકડે રમતા ઉછર્યો; પણ એના જન્મ પછી એ ઘરની શ્રીમન્તાઈને ધીરે ધીરે ઘસારો લાગ્યે જતો હતો. અને જ્યારે સાંતનુ ઉમ્મર લાયક થયો અને તેનાં માતા-પિતા સ્વર્ગવાસી બન્યાં, ત્યારે તો એ ઘરની શ્રીમન્તાઈ સારી રીતિએ ઘસાઈ જવા પામી હતી.

આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. આવું તો આ જગતમાં ઘણું બને છે. પુણ્ય-પાપને આધીન એ વસ્તુ છે પુણ્યોદયના યોગ વિના સંપત્તિ મળે નહિ. મળેલી સંપત્તિપણ ટકે તેની પાસે કે જેનો પુણ્યોદય જીવન્ત હોય. પુણ્યોદય ગયો ને પાપોદય આવ્યો, એટલે વિપુલ સંપત્તિને પણ વહી જતાં વાર લાગે નહિ. એટલા માટે જ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-જ્યારે સમ્પત્તિ વિદ્યમાન હોય, ત્યારે તેના સંગ્રહમાં અને તે દ્વારા ભોગોપભોગમાં રાચવાને બદલે થાય તેટલો સંપત્તિનો સદ્વ્યય કરી લેવો !

સંપત્તિશાલી જેમ પાપોદય આવતાં દરિદ્ર, અકિંચન બની જાય છે, તેમ દરિદ્ર અને અકિંચન એવા પણ માણસો તેમનો પુણ્યોદય થતાં વિપુલ સંપત્તિવાળા બની જાય છે. તેઓએ પણ વિચાર કરવો જોઈએ કે-'અમે સંપત્તિ પામ્યા એ વાસ્તવિક રીતિએ અમારી આવડત વગેરેનો પ્રભાવ નથી, પરન્તુ પૂર્વકાળમાં અમે જે પુણ્ય આચર્યું હશે, તે પુણ્ય ઉદયમાં આવ્યું તેનો આ પ્રતાપ છે. અને એથી, જ્યાં સુધી પુણ્યની યારી છે ત્યાં સુધીમાં અમારે પુણ્યથી મળેલી આ સંપત્તિનો વધુમાં વધુ સદ્વ્યય કરી લેવો જોઈએ.'

સાંતનુ એના જોરદાર પાપોદયના પ્રતાપે સંપત્તિહીન તો બની ગયો, પણ ધીરે ધીરે એ એવી અવસ્થાને પામ્યો કે:-'ખાવું શું ? પહેરવું શું ?'-એની પણ એને મોટી ચિન્તા થઈ પડી. જેમ જેમ એ પ્રયત્ન કરતો ગયો, તેમ તેમ એ પાછો પડતો ગયો અને તેની મુસીબતોમાં વધારો થતો ગયો.

તેણે નવેસરથી વ્યાપાર કરવાનો વિચાર કર્યો, પણ વ્યાપાર શરૂ કરવા માટેય ધન જોઈએ અને અલ્પ પણ ધન તેની પાસે રહેવા પામ્યું નહોતું. આથી તે ખૂબ જ વ્યગ્ર ચિત્તવાળો બની ગયો તેને લાગ્યું કે-'હવે જો જીવવું જ હોય તો ચોરીનો જ આશ્રય લેવો પડશે. ચોરી કરવા સિવાય બીજો કોઈ એવો ઉપાય મને જણાતો નથી કે જે ઉપાયને આદરીને હું અમારા બન્નેનાં પેટ ભરાય અને અંગ ઢંકાય એટલું પણ ધન પ્રમાણિકપણે ઉપાર્જી શકું !'

ઘરની આવી સ્થિતિ સાંતનુની ધર્મપત્ની સુશ્રાવિકા કુંજીદેવીને પણ મુંઝવી રહી હતી બાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજુ હતી, શાણી હતી, ગમે તેવા દુઃખમાં પતિને આશ્વાસન આપે એવી હતી; કેમ કે એ ધર્મનિષ્ઠ હતી! પરન્તુ થોડુંય ન મળે ત્યારે કરવું શું?–એની એને મન પણ પાકી મુંઝવણ હતી.

આમ સુશ્રાવિક–સુશ્રાવિકા પતિ–પત્ની મુંઝવણમાં દિવસો પસાર કરતા હતા. એવામાં પ્રસંગ પામીને સાંતનુએ કુંજીદેવીને કહ્યું કે–'હવે તો ચોરી કરીને દ્રવ્ય મેળવવા સિવાય કોઇ આરો નથી. ચોરી કરવાથી પણ જો થોડુંકેય દ્રવ્ય મળી જાય તો વ્યાપાર થઈ શકે અને વ્યાપારમાંથી જો દ્રવ્યોપાર્જન થાય તો જ આપણાથી નભી શકાય.'

આ વાત સાંભળીને કુંજીદેવી પણ ચિન્તામાં પડી ગઇ. ચિન્તા કરતે તેણીને પણ લાગ્યું કે–ખરેખર ચોરી કર્યા વિના આરો નથી, કેમ કે કોઇ પાસે માગવાને હાથ લંબાવી શકવા જોગી તો તેમની સ્થિતિ નહોતી. માગવા કરતાં તો મરવું સારૂં, એવું એમનું દિલ હતું. જે રીતિએ ઉછરેલાં હતાં, તેનો વિચાર કરતાં તો ઝેર ઘોળી પીએ પણ માગવાને હાથ ધરે નહિ, એવી એમની મનોવૃત્તિ હતી. અને ચોરી કરવા પાછળ તો એ વિચાર હતો કે-કમાતાંની સાથે જ પાછું પહોંચાડી દઇશું! એ સમજતી હતી કે–'મારા સ્વામિને વ્યાપાર સિવાય કાંઇ આવડતું નથી અને વ્યાપાર માટે તો ધન જોઇએ. તે ધન હવે ચોરી સિવાય મેળવી શકાય તેમ નથી.'

આમ કુંજીદેવીએ પણ પતિના ચોરી કરવાના નિર્ણયને સમ્મતિ આપી; પણ પાછો વિચાર થયો કે–ચોરી કરવી કોની? અને, ચોરી કરવી શી રીતિએ? વિચારીને તેણે કહ્યું કે–'ચોરી કરો તો આપણા કોઇ સારા સાધર્મિકની જ વસ્તુ ચોરજો!'

આ વિચાર પાછળ શું તત્ત્વ છે, એ સમજવા જેવું છે. એક તો ચોરી કરવી અને તેય પાછી સાધર્મિકની વસ્તુની જ ચોરી કરવી ! સાધર્મિક પ્રત્યે તો કેવો ભાવ હોવો જોઇએ? સાધર્મિકનું તો વાત્સલ્ય કરવાનું જ મન હોવું જોઇએ ને? સાધર્મિકને તો દેવાનું જ હોય તો ચોરનારને ચોરી કરતાં અટકાવવો એ સાધર્મિકનું કામ છે ને? એને બદલે, સાધર્મિકની જ વસ્તુ ચોરવાનો વિચાર અને નિર્ણય, એ શું કહેવાય? પણ અહીં આપણે એ જોવું જોઇએ કે–કેવળ વખાના માર્યા આ લોકોને ચોરી કરવાનો નિર્ણય કરવો પડયો છે અને ચોરી જેવું પાપ કરવા છતાં પણ પોતાનું ઉત્તમ કુળ નિન્દાય નહિ, ધર્મ નિન્દાય નહિ, સાધર્મિકો નિન્દાય નહિ, એની ચિન્તા મનમાં રહેલી છે. પારકું લેવું પણ પડે તોય સાધર્મિકનું લેવું. એવો પણ મનોભાવ હોઇ શકે. દુનિયામાં કહેવાય છે કે–જેવું અન્ન, તેવો ઓડકાર.' ગમે તેનું દ્રવ્ય ઘરમાં આવે અને તે મનના ભાવોને બગાડી મારે તો શું થાય, એવી પણ ચિન્તા શ્રાવક–શ્રાવિકાને હોઇ શકે છે? દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેના અમારા ભાવમાં કોઇ વિપરીતતા પ્રવેશી જાય નહિ અન્ય કોઇના દ્રવ્યથી, એવો વિચારેય શ્રાવક–શ્રાવિકાને આવે ને?

બન્નેએ નિર્ણય કરી લીધો કે–'ચોરી કરવા સિવાય આરો નથી અને ચોરી સાધર્મિકની વસ્તુની જ કરવી.' આ નિર્ણય મનમાં રાખીને સાંતનુ સન્ધ્યાકાળે પ્રતિક્રમણ કરવાને માટે ઉપાશ્રયે ગયો.

સંપત્તિશાલી સુશ્રાવકો શ્રી જિનમંદિરે અને ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને માટે જાય, તે કેવી રીતિએ જાય? પોતપોતાના વૈભવાનુસાર ઠાઠ–માઠથી જાય. વસ્ત્રાલંકારથી સુસજ્જ બનીને જાય. એમાં પણ શ્રી જિનશાસનની પ્રભાવના છે. આવાઓ પણ આ મંદિરે અને અને આ ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને જાય છે, આવો વિચાર જોનારને આવે અને જોનાર જો યોગ્ય હોય તો એના હૈયામાં શ્રી જિનના ધર્મ પ્રત્યે આદરભાવ પ્રગટે તેમ જ એને પણ આવાં ધર્માનુષ્ઠાન આચરવાનું મન થાય.

ઉત્તમ વસ્ત્રાલંકારોથી સુસજ્જ બનીને ઉપાશ્રયે ગયેલા સુશ્રાવકો જ્યારે સામાયિકાદિ ક્રિયા કરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે વિધિમાં જરૂરી વસ્ત્રો સિવાયનાં વસ્ત્રો અને અલંકારો ઉતારીને બેસે. અલંકારોને ઉતારીને સામાયિક–પ્રતિક્રમણમાં બેસવાનો વિધિ પૂર્વકાળમાં પ્રચલિત હતો.

સાંતનુ જેમ ઉપાશ્રયે આવ્યો, તેમ ઘણા સુશ્રાવકો પ્રતિક્રમણ કરવાને માટે આવ્યા હતા એમાં એક શ્રી જિનદાસ નામના શેઠ પણ આવેલા. એમણે પોતાના કપડાં સાથે પોતાના ગળામાં પહેરેલો હાર પણ ઉતાર્યો અને તે પોતાનાં કપડાં ભેગો મૂકયો સાંતનુએ આ જોયું અને પોતાના નિર્ણયનો અમલ કરવાની તક મળી ગઇ. તે શ્રી જિનદાસ શેઠની પાસે જ બેસી ગયો.

પ્રતિક્રમણની ક્રિયા ચાલુ હતી અને રાત્રિનો અન્ધકાર વ્યાપી ગયો. સાંતનુએ એ અન્ધકારમાં શ્રી જિનદાસ શેઠનો મોતીનો કીમતી હાર ઉઠાવી લીધો. સાંતનુને ચોરી કરવી જ હતી, એટલે એણે પ્રતિક્રમણ કરવાનો દેખાવ કર્યો હશે પણ સામયિક નહિ ઉચ્ચર્યું હોય અથવા તો પછી પોતે પ્રતિક્રમણ ઝડપથી કરી લીધું હશે.

હવે જ, શું બને છે, એ ખરેખર જોવાજાણવા જેવું છે; અને, બોધપાઠેય એમાંથી લેવા જેવો છે.

શ્રી જિનદાસ શેઠે સકળ સંઘ સાથે પ્રતિક્રમણ કર્યું અને સૌની સાથે સામાયિક પાર્યું, એ પછી પોતાનાં વસ્ત્રાલંકાર પહેરવા જતાં, પોતાનો હાર ગુમ થયેલો જણાયો.

તેમને ખ્યાલ આવ્યો કે–પોતાની પાસે સાંતનુ બેઠો હતો, બીજુ કોઇ એટલું પાસે બેઠું નહોતું. અને સાંતનુ આજે પ્રતિક્રમણમાંથી વહેલો ઉઠીને ચાલ્યો ગયો હતો.

આથી શ્રી જિનદાસ શેઠ સમજી ગયા કે–'મારો હાર સાંતનુએ જ લીધો હોવો જોઇએ' અને સાંતનુએ હારની ચોરી કર્યાની કલ્પના આવતાંની સાથે જ શ્રી જિનદાસ શેઠ કમ્પી ઉઠયા. પોતાનો હાર ચોરાયો એથી નહિ, પણ આ ચોરી યે મારી જ ભૂલનું પરિણામ છે, એવા વિચારથી એ કંપી ઉઠયા.

કોઇ પણ વાતમાં સુશ્રાવકો પોતાની ભૂલ પહેલી તપાસે છે. કોઇ પણ નહિ ઇચ્છવા જેમ બનાવ બન્યો, તો એમાં મારી ભૂલ છે કે નહિ અને છે તો કેટલી છે તથા છે તો એ ભૂલ કેમ સુધરે, એનો વિચાર સુશ્રાવકને તો હોય ને? જે પારકી ભૂલ જ જોયા કરે અને પોતાની ભૂલ જૂએ નહિ તે અણ-સમજુ; સમજુ તેજ કે જે પોતાની ભૂલ પહેલી જૂએ અને પોતાની નાની પણ ભૂલને મોટી બનાવીને જૂએ તથા પારકી ભૂલ જોવામાં પણ એના હૈયે પારકાના હિતની ચિન્તા હોય ! ગમે તેવી ભૂલ કરનારનું પણ ભૂંડું તો ઇચ્છાય જ નહિ.

શ્રી જિનદાસ શેઠ વિચારે છે કે–'આ સાંતનુની આટલી બધી અવદશા થઇ ગઇ ? એના બાપ દાદા મહા ધનવાન હોવા સાથે તેઓ શ્રી સંઘના અગ્રણી હતા. દાનથી અને પરોપકારથી તેમણે શ્રી સંઘની આગેવાનીને પણ દીપાવી હતી. આવા બાપ–દાદાના સંતાન સાંતનુને આવી રીતે ચોરી કરવાનો અવસર આવી લાગ્યો ? મહા મુસીબતમાં મુકાય ગયા વિના સાંતનુ ચોરી કરે એ બને નહિ, એટલે અત્યારે તે ખૂબ જ વિષમ સ્થિતિને પામેલો હોવો જોઇએ. એનાં માત–પિતા મરી ગયા પછી મારે જ એની સારસંભાળ રાખવી જોઇતી હતી. હું મારા કર્તવ્યને ચૂકયો, એનું જ આ પરિણામ છે. સાંતનુએ ચોરી કરી એ ખરેખર તો મારી જ ભૂલ છે, કેમ કે-મેં જો મારૂં કર્ત્તવ્ય અદા કર્યું હોત તો એને ચોરી કરવાનો વખત આવત નહિ. પોતાનો કીમતી હાર ચોરાયો છે. એ જાણ્યા પછી, આવો વિચાર આવે ! આ બાબત દરેકે પોતપોતાના અન્તઃકરણને પૂછવાની છે. 'હાર કેટલો બધો કીમતી ? એની ચોરી ધર્મ-સ્થાનમાંથી જ અને તે ધર્મક્રિયા કરવાને બહાને ? ધર્મસ્થાનમાં ધર્મક્રિયા કરવાને બહાને આવેલો કરે, એનામાં વળી શ્રાવકપણું શાનું ! એવા નામના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકોની તો બરાબર ખબર લઈ નાંખવી જ જોઈએ !' આવા આવા વિચાર આવવા એ સહેલું ? કે, કેટલી ધીરજ હોય, કર્તવ્ય પ્રત્યે કેટલી નિષ્ઠા હોય અને સાધર્મિકની થઈ જવા પામેલી અવદશાનો કેટલો ડંખ લાગે એવું હોય, ત્યારે શ્રી જિનદાસને જેવો વિચાર આવ્યો તેવો વિચાર આવે?

આજે 'ખબર લઈ નાંખવી જોઈએ'.-એવી વૃત્તિ વધતી જાય છે અને તે સાથે અનિચ્છનીય બનાવો વધતા જાય છે. હવે તો જો કોઈ મહા ધર્મી પણ સાંતનુએ જેવું કર્યું તેવું કરવા જાય તો એ માર ખાય, એનું કુટુમ્બ વગોવાય અને સાથે ધર્મ તથા ધર્મસ્થાનોની પણ ભારે અપભ્રાજના થવા પામે !

એટલા ખાતર પણ, કોઈ દુઃખીમાં દુઃખી બની ગયેલા પણ સુશ્રાવકે, સાંતનુએ જેવું કર્યું તેવું કરવાની ભૂલ કરવા જેવી નથી. એ વાત પણ સમજવી જોઈએ કે—આવા પ્રસંગો સાંભળીને કદી પણ સાંતનુએ કર્યું તેવું કરવાના વિચાર નહિ આવવા જોઈએ, પણ શ્રી જિનદાસે જે કર્યું તેવું કરવાનો જ વિચાર આવવો જોઈએ. સુશ્રાવક પોતે દુઃખમાં આવી પડે ત્યારે શું કરે-એ સમજાવવાને માટે નહિ પણ પોતાના સાધર્મિક ભાઈને દુઃખી બનેલો જોઈને, દુઃખનો માર્યો અનાચરણ આચરતો જોઈને, સુશ્રાવકે શું કરવું જોઈએ એ માટે વર્ણવામાં આવે છે. એ વાત દરેકે ધ્યાનમાં રાખવી જોઈએ કે-'હું ગમે તેટલો દુઃખી થઈ જાઉં તોય, મારે સાંતનુની જેમ ચોરી કરવાનો વિચાર કરવો એ મારા ધર્મને શોભે નહિ !'

શ્રી જિનદાસ શેઠને તો, બીજો કોઈ જ વિચાર આવવાને બદલે, પોતાના કર્તવ્યનો અને પોતાની ભૂલનો વિચાર આવ્યો અને એટલે જ એમણે પોતાના ગુમ થયેલા હાર વિષે કોઈને કાંઈ કહ્યું નહિ. એમનાં મનમાં તો હવે એ બાબતની ગડમથલ ચાલતી હતી કે સાંતનુને એની મુસીબતમાંથી કેમ ઊગારી લેવો ! સાંતનુ પણ હાર ઉઠાવી લઈને સીધો પોતાને ઘેર ગયો હતો અને તે હાર તેણે પોતાની ધર્મપત્ની કુંજીદેવીને સોંપ્યો હતો. સાંતનુના કહેવાથી કુંજીદેવીએ જાણ્યું હતું કે-આ હાર ધર્માત્મા શ્રી જિનદાસ શેઠનો છે; એટલે બીજે દિવસે જ તેણીએ પોતાના પતિને કહ્યું કે-' આપ આ હાર લઈને એ જ ધર્માત્મા શેઠની પાસે જાઓ, તેમને આ હાર આપો અને હાર એમના હાથમાં મૂકતાં કહેજો કે-' આ હારના આધારે મને અમુક રકમ ધીરો !' એ જે રકમ આપે તે તમે લઈ આવો અને એમાંથી વ્યાપાર કરો !'

આ સાંભળીને, સાંતનુ મુંઝાયો. તરત જ એણે કુંજીદેવીને પૂછ્યું કે—' એ શેઠ શું પોતાના હારને ઓળખશે નહિ ? અને, પોતાના હારને ઓળખીને એ શેઠ ચોર તરીકે મને કોટવાલ પાસે પકડાવી દેશે નહિ ? '

કુંજીદેવીએ કહ્યું કે–' આપ ખાતરી રાખો કે એવું કાંઈ જ નહિ બને. ચોક્કસ એ શેઠ મહા ધર્માત્મા છે. એટલે એ તમને પકડાવશે તો નહિ પણ ખુશીથી તમને જોઈતી રકમ આપશે. '

સાંતનુ પૂછે છે કે-' શું ધર્માત્મા પોતાના અપરાધીને પણ દંડ આપે-અપાવે નહિ ?'

તોય કુંજીદેવી કહે છે કે-' એ શેઠ મહા ધર્મી છે. એમના વિશે તમે આવી શંકા પણ કરો નહિ. જો એ મહા ધાર્મિક ન હોત તો એમણે ક્યારનીય તમને પકડાવવાની તજવીજ કરી હોત અને આપણો ફજેતો થઈ ગયો હોત. એમનો હાર ચોરાઈ ગયો અને તમારા ઉપર શંકા આવે એવું હોવા છતાં પણ એમણે હારની ચોરીની વાત જરાય બહાર પડવા દીધી નથી. એથી મને તો લાગે છે કે–એ શેઠ તમારા દુઃખે દુઃખી થતા હશે ! જો એમનાથી કાંઈ ખરાબ થવાનું હોત તો અત્યાર સુધીમાં થઈ ગયું હોત પણ હાર ચોરાયાની વાત ક્યાંય-કોઈ પણ ક્યાંય સંભળાતી નથી. એટલા ઉપરથી અને હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને ઓળખું છું તે ઉપરથી આપને ખાતરીથી કહું છું કે, શેઠ તમને પકડાવશે તો નહિ, પણ તમને મદદ કર્યા વિના પણ રહેશે નહિ; માટે, આપ કશી પણ શંકા મનમાં રાખ્યા વિના આ હાર લઇને એ શેઠની પાસે જાઓ, આ હાર એ શેઠને આપો અને આ હારના આધારે ઉછીના પૈસાની માગણી કરો !'

સાંતનુને પોતાના ધર્મપત્ની કુંજીદેવીની બુદ્ધિમાં અને ધર્મભાવનામાં વિશ્વાસ હતો. એની પણ શ્રી જિનદાસ શેઠને હાર પચાવી પાડવાની દાનત નહોતી. એને ચોરી કરવી પડી હતી, પણ એનું હૈયું ચોર નહોતું. આથી તેણે કુંજીદેવીની વાત કબૂલ કરી અને પોતે ચોરેલો હાર લઇને તે જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. શ્રી જિનદાસને પગે લાગીને બેઠો.

એને આવેલો જોઇને શ્રી જિનદાસને પણ આનંદ થયો. પોતાના મનમાં જે ગડમથલ ચાલતી હતી, તેનો ઉકેલ આવશે, એમ શ્રી જિનદાસને લાગ્યું. શ્રી જિનદાસ સાધર્મિકનું પ્રસંગાનુરૂપ વાત્સલ્ય કરવાને ઇચ્છતા હતા અને એ તક એમને મળી ગઈ.

શ્રી જિનદાસે સાંતનુને તરત જ કુશળ સમાચાર પૂછ્યા. એથી સાંતનુમાં બોલવાની હિંમત આવી. એણે પોતાના ગજવામાંથી હાર કાઢીને શ્રી જિનદાસના હાથમા મૂકયો અને કહ્યું કે–' પાંચ હજારની જરૂર છે માટે આ હાર લઇને આપની પાસે આવ્યો છું. આપ આ હાર આપની પાસે રાખો અને મને આના ઉપર પાંચહજાર ધીરો !

શ્રી જિનદાસ શેઠ તો હાર હાથમાં આવતાં જ હાર પોતાનો છે એ સમજી ગયા, પણ એ વખતે એમનો પુત્રેય પેઢી ઉપર હાજર હતો અને તેણે પણ એ હારને પોતાના હાર તરીકે ઓળખી કાઢયો. શ્રી જિનદાસ સમજી ગયા એટલે પુત્ર કાંઇ અજુગતુ બોલી નાખવાની ભૂલ કરે તે પહેલાં તો તેમણે પુત્રને આજ્ઞા કરી કે—' આ હાર તીજોરીમાં મૂકી રાખો અને આ શેઠને પાંચ હજાર હમણાં જ ગણી આપો.'

શ્રી જિનદાસ શેઠનો પુત્ર પણ આજ્ઞાંકિત હતો. પિતાની આજ્ઞા સામે પ્રશ્ન ઉઠાવે એવો એ નહોતો એ સમજતો હતો કે –' એ હાર આપણો છે એ પિતાજી પણ સમજી શકયા જ હશે, છતાં પણ તેઓ પાંચ હજાર આપવાની આજ્ઞા કરે છે, તો તેની પાછળ કોઈ રહસ્ય હશે.' આથી તરત જ તેણે પાંચહજાર સાંતનુને ગણી આપ્યા. શ્રી જિનદાસ શેઠે પાંચહજાર લઇને જતા સાંતનુને કહ્યું કે–– ' જુઓ કોઈ વાતે મુંઝાશો નહિ. આ તો ઠીક છે, પણ જ્યારે તમને જરૂર પડે ત્યારે તમે વગર સંકોચે મારી પાસે આવજો. ''

જોયું સાધર્મિક વાત્સલ્ય? સાધર્મિક પ્રત્યે કેવો ભાવ હોવો જોઇએ, એ આમાંથી શીખવા જેવું છે.

સાંતનુના ગયા પછીથી, શ્રી જિનદાસે પોતાનાં પુત્રને સાંતનુની ઓળખ આપી કેવા ખાનદાન, ધર્મશીલ અને શ્રીમંત કુટુંબનો આ નબીરો છે, એ સમજાવ્યું. મહા મુશીબતમાં મૂકાઈ ગયા વિના આ પૈસા લેવાને આવે એવો નથી એમ સમજાવ્યું. પણ ગઈ કાલે આ આપણો હાર ચોરી ગયો હતો એમ કહ્યું નહિ. ઊલટું સાધર્મિક પ્રત્યે આપણું શું કર્તવ્ય છે, એ વિષે જ શ્રી જિનદાસે પોતાના પુત્રને કહ્યું.

આમ શ્રી જિનદાસ શેઠે ખુબ જ ભલી લાગણી સાથે, સાંતનુનું કેમ ભલું થાય અને કેમ એ સુખી થાય એ જ એક ભલી ભાવનાથી પાંચહજાર આપ્યા હતા; અને શ્રી જિનદાસ શેઠની એ ભલી ભાવના સફળ થવા પામી. શ્રી જિનદાસ જેવા પુણ્યવાનનું દ્રવ્ય પણ સાંતનુના પુણ્યના ઉદયનું કારણ બન્યું.

સાંતનુએ ઘેર જઇને શ્રી જિનદાસ શેઠ પાસેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આણેલા પાંચ હજારના દ્રવ્યથી વ્યાપાર શરૂ કર્યો. એનું જે લાભાન્તરાય કર્મ ઉદયમાં આવ્યું હતું, તે ભોગવાઈને ક્ષીણ થઈ જવા પામ્યું હતું અને હવે તેના લાભાન્તરાય કર્મનો ક્ષયોપસમ થવા પામ્યો. એથી, થોડા જ વખતમાં સાંતનુ વ્યાપારમાં ફાવ્યો અને તેને અઢળક સંપત્તિ પ્રાપ્ત થવા માંડી.

કુંજદેવીએ કહ્યું કે–' પહેલી તકે તમે શ્રી જિનદાસ શેઠની રકમ વ્યાજ સાથે પાછી આપી આવો.

હવે તે સાંતનુ ફરીથી શ્રી જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. પહેલી વાર લેવા ગયો હતો અને અને આ વાર દેવા ગયો હતો. તેણે મૂળ રકમ અને તે સાથે તે દિન સુધીના તે રકમના વ્યાજની રકમ પણ શ્રી જિનદાસ શેઠના હાથમાં મૂકી.

શ્રી જિનદાસ શેઠના હર્ષનો પાર રહ્યો નહિ. પોતાની રકમ પાછી આવી એનો એમને હર્ષ નહોતો, પણ પોતાનો સાધર્મિક દુઃખમાંથી ઉગરી ગયો અને તેનો ઉદ્ધાર થઇ ગયો એનો એ મહાનુભાવને હર્ષ હતો. એમને પોતાનું કર્તવ્ય અદા કર્યાનો સંતોષ હતો અને પોતે કર્તવ્ય અદા કર્યું એનું જે સુંદર ફળ આવ્યું એનો આનંદ હતો.

સાંતનુને જરા પણ ઓછું ન આવે એ માટે શ્રી જિનદાસ શેઠે પોતાની રકમ વ્યાજ સાથે લઈ લીધી, પણ એ જ વખતે તીજોરીમાં મૂકેલો હાર કાઢીને સાંતનુને આપવા માંડ્યો.

એ વખતે સાંતનુની આંખોમાંથી આંસુ વહે જતાં હતાં. શરમથી એનું મોઢું લેવાઈ ગયું હતું. એણે શ્રી જિનદાસ શેઠ પાસે પોતાની ભૂલ કબૂલ કરી, એ માટે ક્ષમા માગી અને હાર સંબંધી વધુ કાંઈ કહીને પોતાને નહિ શરમાવવાની શ્રી જિનદાસ શેઠને વિનંતિ કરી.

આ પ્રસંગ જ એવો હતો કે શ્રી જિનદાસ જેવા પુણ્યવાનની આંખોમાં પણ આંસુ આવી ગયા વિના રહે નહિ. સાંતનુને એ કહે છે કે-'ભૂલ તમે નથી કરી પણ ખરેખર તો ભૂલ મેં જ કરી હતી. તમે તો મારી આંખો ઉઘાડી નાંખી. હું મારું સાધર્મિક પ્રત્યેનું કર્તવ્ય ભૂલી ગયો હતો, તે તમે મને જાગ્રત કર્યો. હું તો તમારો એ માટે ઉપકાર માનું છું.'

સાંતનુએ કહ્યું કે–' આપના મહાન ધાર્મિકપણાનો આ પ્રતાપ છે. આપને ઠેકાણે કોઈ બીજો હોત તો મારી ગતિ કયી થાત ? આપે તો મારો ઉદ્ધાર કર્યો છે. આપે મારા ઉપર કેવળ ધર્મબુદ્ધિએ જે ઉપકાર કર્યો છે, તેને હું કદી પણ નહિ વિસરી શકું. તો આપ મને મારી ભૂલ માટે ક્ષમા કરો.'

શ્રી જિનદાસ કહે છે કે–' નહિ ભાઇ ! મેં જે તમારા જેવા મારા સાધર્મિક ભાઇની સાર સંભાળ ન રાખી અને એથી મારા સાધર્મિક ભાઈ એવા તમને જે આવું કાર્ય કરવાની ફરજ પડી, તે માટે હું જ તમારો ગુનેગાર છું; અને તમે મને એ માટે ક્ષમા કરો, એ જ મારી તમારી પાસે માગણી છે.

જોઇ ક્ષમાપના ? બન્નેની ક્ષમાપના જોવા જેવી, જાણવા જેવી અને એવો અવસર આવી લાગે ત્યારે આચરવા જેવી છે.

બન્ને ક્ષમાપનાના શુદ્ધ ભાવમાં રમતા છુટા પડે છે. તે પછી એ નગરમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધારે છે. સૌની સાથે બન્ને સુશ્રાવકો ભગવાનના દર્શને જાય છે. ત્યાં ભગવાનના શ્રીમુખે ધર્મદેશનાનું શ્રવણ કર્યા બાદ, એ બન્નેય પોતપોતાની ભૂલ માટે ભગવાન પાસે પ્રાયશ્ચિત માગે છે.

આવા આત્માઓ મોટે ભાગે તો પોતાના પરિતાપથી જ શુદ્ધિ સાધી લે, ભગવાનની દેશના સાંભળવાને મળેલા લોકો તો આ બન્નેની વાત સાંભળીને આશ્ચર્યમુગ્ધ બની ગયા.

–શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ:

' પરમાર્થ ' માર્ચ ૧૯૬[illegible] માંથી સાભાર ઉદ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતાનું પ્રાગટય

ધર્મનું આખરી ક્ષેત્ર આચરણ છે. તમે રોજ પૂજા, દેવદર્શન કરતા હશો. વ્યાખ્યાન શ્રવણમાં નિયમિત રીતે જતા હશો, એકાગ્રતાથી ધ્યાનમાં બેસતા હશો, પરંતુ એ બધું કર્યા છતાં યે જો તમારા આચરણમાં ધર્મ નહિ દેખાય, તમારો વ્યવહાર દોષરૂપ કે અન્યાયરૂપ હશે તો પછી પૂજા, દેવદર્શન કે વ્યાખ્યાનોથી તમે કંઈ સિદ્ધ કર્યું નથી એ જ ફલિત થશે.

ધર્મનું મુખ્ય કામ માણસના આચરણમાં પરિવર્તન કરવાનું છે. સાચું શું છે એ આપણે બધા જાણતા હોઈએ છીએ આપણે સાચું વર્તન કરવું જોઈએ એમ આપણું હૃદય આપણને સૂચવે છે પણ ખરું, પરંતુ આપણા ખોટા સંસ્કારો, આપણી લોભ, મોહ કે કામની વૃત્તિઓ આપણને જાણે પરાણે ખોટું કામ કરવા પ્રેરે છે. સાચું વર્તન કે શુદ્ધ વ્યવહાર કરવાની આપણી માનસિક શક્તિ ખોઈ બેઠા હોઈએ એમ આપણને લાગે છે. જેના હાથને લકવો થયો હોય તેનો હાથ ધારેલું કામ કરી શકતો નથી, તેમ આપણું મન આપણા ખોટા સંસ્કારોને લીધે સત્ય આચરણ-શુદ્ધ વ્યવહાર કરી શકતું નથી. પૂજા, દેવદર્શન, વાંચન-મનન ઇત્યાદિ દરેક ક્રિયાનો અન્તિમ હેતુ આપણા મનમાં એ શક્તિ નિર્માણ કરવાનો છે કે જેનાથી આપણને જે સાચું લાગે છે તે કરવાની આપણામાં શક્તિ આવે, આપણાં લોભ, મોહ ક્રોધ ઇત્યાદિ સંસ્કારોનું બળ ઓછું થતું જાય, આપણું મન આપણા હાથમાં રહે, આપણું મન સ્વાધીન બને અને આપણે કહીએ એમ કરે. ઘણે ભાગે તો એમ દેખાય છે કે મન-સંસ્કારો-કહે છે તેમ આપણે વર્તીએ છીએ. આપણે કહીએ છીએ તેમ મન વર્તતું નથી. આપણા અને આપણા મનની વચમાં માલિક મન હોય છે અને નોકર આપણે હોઈએ એમ લાગે છે. ધર્મનું અન્તિમ ધ્યેય આપણને મનના માલિક બનાવવાનું છે. આપણે ધારીએ તે મુજબ વર્તન કરવાની આપણી શક્તિ હોવી જોઈએ. આમ આપણું મન જ્યારે આપણને આધીન બન્યું હશે ત્યારે જ આપણાથી ધર્મનું આચરણ થઈ શકશે

કબીર સાહેબે આ જ અર્થમાં કહ્યું છે કે:

લેને કો હરિનામ હૈ. દેને કો અન્નદાન,
તરને કો સ્વાધીનતા, ડૂબને કો અભિમાન,

લેવા જેવી વસ્તુ હોય તો ઈશ્વરનું નામ એટલે કાયમની જાગૃતિ જોઈએ. દાનમાં અન્નદાન જેવું કોઈ દાન નથી, જેનાથી દયા કરુણા અને બંધુત્વની લાગણી નિર્માણ થાય છે. જીવન તરી જવા માટે સાચી રીતે જીવન પાર કરવા માટે આપણી ઇન્દ્રિયો, આપણું મન આપણને સ્વાધીન હોવા જોઈએ. મનની ઉપર સવારી આપણી હોવી જોઈએ. મન આપણા ઉપર સવારી કરતું હશે તો આપણાથી ધર્મનું આચરણ નહિ થાય, અભિમાનથી આખરે ડૂબી જવાશે.

## ધર્મનું આચરણ

અભિમાન અનેક પ્રકારના હોય છે. ક્યાંક ભાષા માટે અભિમાન, ક્યાંક પ્રાન્ત માટે અભિમાન ક્યાંક ધર્મ માટે અભિમાન. આવા સંકુચિત માનસ અને સ્વાર્થદૃષ્ટિથી ભાષા, પ્રાન્ત કે ધર્મનું ઉત્થાન થતું નથી જ; ઊલટું એનાથી પારાવાર નુકશાન થાય છે. પાણીમાં પડવાથી ડૂબી જવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એમ નથી. પાણીમાં તરી ન શકનાર તો પાંચેક મિનિટમાં ડૂબી જાય છે, પરંતુ અભિમાનથી તો માણસ ધીમે ધીમે ડૂબતો રહે છે અને સાથે સાથે બીજાઓને પણ ડૂબાડતો રહે છે. ભાષાના અભિમાન ને કારણે આજે દેશમાં જે કટુતા અને વૈમનસ્ય ફેલાયાં છે તે આપણે જોઈ શકીએ છીએ.

ધર્મનું આચરણ એ સહેલી વસ્તુ છે અને મુશ્કેલ પણ લાગે છે. જેમને જીવનનું સાચું મહત્ત્વ સમજાયું હશે, જેમની દૃષ્ટિ સાફ થઈ હશે એ લોકો જીવનના દરેક કાર્યને–દરેક વ્યવહારને ઉત્તરોત્તર શુદ્ધ બનાવતાં સદાચારી બનશે. એવા લોકોને માટે ધર્મનું આચરણ મુશ્કેલ નહિ બને પરંતુ જે લોકોને જીવનની સાચી કિંમત નથી સમજાઈ, ખાઈ પી, મોજમજા કરીને જીવન પૂરું કરવાની જેમની વૃત્તિ હશે, માત્ર ધનપ્રાપ્તિ કે સત્તાપ્રાપ્તિ એ જેમનો જીવનનો મહત્ત્વનો ઉદ્દેશ હશે એવા લોકોને માટે ધર્મનું આચરણ મુશ્કેલ બનશે. સંત પુરુષો, મહાત્માઓ, યુગાવતારી પુરુષો આપણા જેવા માનવીઓ જ હતા. એમનામાં સૌમાં આપણા જેવી જ લાગણીઓ અને વૃત્તિઓ હતી. એમને પણ મન હતું, પરંતુ એમને જીવનનું મહત્ત્વ સમજાયું હતું અને એમણે પોતાની વૃત્તિઓને શુદ્ધ અને સાફ કરીને મનને પોતાના આધીન બનાવ્યું. પ્રાણીમાત્રને માટે એમના મનમાં દયા અને કરુણા વ્યાપી. ક્યાંક પણ દુઃખ કે આપત્તિ જોતાં એમનું હૃદય દ્રવી ઊઠતું અને આમ માનવમાત્રની સેવા કરતાં કરતાં એ મહાન બન્યા. એમણે જ આપણને જીવનનું જ્ઞાન આપ્યું.

## માનવ અને પશુઓમાં મહત્ત્વનો ભેદ

આપણે ધારીએ તો આપણે પણ એ સન્તો અને મહાપુરુષોની માફક આપણી વૃત્તિઓને શુદ્ધ અને સાફ બનાવી શકીએ છીએ. આપણે પણ આપણા મનને સ્વાધીન બનાવી શકીએ છીએ, પરંતુ એને માટે આપણી વૃત્તિઓ ક્યાં જાય છે, ક્યા પ્રલોભનોને કારણે આપણાથી સાચું વર્તન, ધર્મનું આચરણ થતું નથી એ આપણે તપાસવું પડશે. આરસી વગર મોઢા ઉપર ક્યાં ડાઘ છે એ જોઈ શકાતું નથી તેમ અન્તરદૃષ્ટિ વગર, મનને તપસ્યા વગર મનની અશુદ્ધિઓ દેખાશે નહિ. માનવ અને પશુઓમાં આ મહત્ત્વનો ભેદ છે. પશુ પંખીઓ આરસીમાં પોતાને જોઈ ગભરાય છે. ચકલીઓ આરસીમાં બીજી છે એમ માનીને આરસામાં પ્રહાર કરે. પરંતુ આ શક્તિ હોવા છતાંયે પોતાના મનની તપાસ કરતી વખતે ખૂબ સાવધાની રાખવી પડે છે. મનને કેટલીક ઝીણવટથી તપાસવું પડે છે.

આત્મનિરીક્ષણ કરતી વખતે પણ માણસ પોતાના મનની વૃત્તિઓ અને આવેશોને સાચી રીતે જોવામાં સારીરીતે ગાફેલ બની શકે છે તે સમજી શકાય. તેમ છે.

વિજ્ઞાનની શોધખોળને કારણે આજે દુનિયાના કોઈ પણ ભાગમાં જે કાંઈ બન્યું હોય તેના ખબરો થોડીવારમાં મળી શકે છે. પહેલાંના જમાનામાં આપણા ગામમાં જે કાંઈ બનતું તેની જ આપણને ખબર પડતી. ગામમાં ક્યાંય પણ આફત કે અન્યાય થતો ત્યાં સેવા અને સહકાર કરીને એ આફતમાં લોકોને સહાય કરી શકાતી, પરંતુ આજે જગત નાનું બન્યું છે અને બીજા કોઈ દેશમાં રેલ, ભૂકંપ કે એવી કોઈ કુદરતી આફત આવી હોય તો દેશપરદેશોથી માનવ-સમાજ એ આફતના નિવારણ માટે મદદ મોકલી શકે છે. આજે આપણા દેશમાં અન્નની તંગી છે અને પરદેશોથી આપણે અન્ન મેળવી શકીએ છીએ આમ જ્યાં જ્યાં માનવતા પ્રગટ થાય છે ત્યાં જ સુખ નિર્માણ થાય છે.

તા.-૨૨-૭-૧૯૬૧ના 'જનસંદેશ' માંથી સાભાર ઉદ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજારા તીર્થ

લેખક:-વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિમહારાજ શ્રી વિશાળવિજયજી

( ગતાંક પાના ૧૩૫ થી ચાલુ )

**ભોંયરું-**

અજારા પાર્શ્વનાથ મંદિરમાં એક ભોંયરું હોવાનું કહેવાય છે. એ ભોંયરામાંથી અમુક અમુક ગામે જવાય છે એવી લોકોક્તિ ચાલે છે; પરંતુ તેમાં તથ્ય કેટલું હશે તે કહી શકાય નહિ.

આ ભોંયરાની સં. ૧૯૫૪ ની સાલમાં તપાસ કરવામાં આવી હતી. એ વખતે ઘણી ભીનાશ અને દુર્ગંધને લીધે વધુ ઊંડે જઈ શકાયું નહોતું. એક છૂપા માર્ગ જેવું જણાતું હતું પણ માર્ગ ઘણો મુશ્કેલ લાગતો હતો. આ કારણથી વધારે તપાસ કરવાનું કામ અટકાવી દેવામાં આવ્યું હતું. હાલમાં એ છૂપો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે.

આ ભોંયરામાં ખંડિત પ્રતિમાઓનો મોટો જથ્થો છે. આજે પણ અહિં ખોદકામ કરતાં ખંડિત પ્રતિમાઓના આકારો મળી આવે છે.

*

આ ભોંયરા વિશે બારોટના ચોપડામાં નીચે મુજબ લખેલી દંતકથા જાણવા મળે છે–

અજારા ગામમાં એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેમને અજારા પાર્શ્વનાથ ભગવાન પ્રતિ ખૂબ ભક્તિ હતી. એ સમયે આ ગામ સાધારણ હતું અને તેમાં સાત જૈન મંદિરો મૌજુદ હતાં.

ચૌદમાં સૈકામાં અલ્લાઉદ્દીન ખિલજી–દિલ્હીથી પાટણ ઉપર ચડી આવ્યો ત્યારે દિલ્હીથી પાટણ આવવાના માર્ગે આવતાં ગામ-નગરોને લુંટી, ત્યાંનાં મંદિરોને તોડતો પાટણ આવ્યો. પાટણમાં ખૂબ લૂંટ ચલાવી અને ત્યાંના મંદિરો તેમજ મૂર્તિઓને ખંડિત કરી નાખી. સૌરાષ્ટ્રમાં આવવાના સમાચાર મળ્યા.

શેઠને વિચાર આવ્યો કે મુસ્લિમ સેના અહીંનાં મંદિર અને મૂર્તિને ખંડિત કરે એવી પરિસ્થિતિ જોવા કરતાં મરવું બહેત્તર છે. આથી તે અઠ્ઠમનો તપ કરી દેરાસરમાં બેસી ગયા. બરાબર એ દિવસ પસાર થઈ ગયા ત્યારે રાત્રિના સમયે અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થઈ શેઠ આગળ હાજર થયા. શેઠે સઘળી હકીકત દેવને કહી સંભળાવી ત્યારે દેવે કહ્યું : " આ દેરાસરના રંગમંડપના નૈઋત્ય ખૂણામાં ખોદવાથી એક ભોંયરું નીકળશે. તેમાં આ દેરાસરોની પ્રતિમાઓને ભંડારી દે જે.

" વળી, અહીંથી પાંચ કોસ દૂર ગાંગડા ગામ છે ત્યાં અજારા પાર્શ્વનાથ ભગવંતનો ખરા અંતઃકરણથી ભક્તિ કરનારો ભક્ત રહે છે. તે રક્તપિત્તના રોગથી પીડાય છે તેને ત્યાં આ પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થશે. એ સમયે એ પ્રતિમાનું ન્હવણજળ શરીરે લગાડવાથી તેનો રક્તપિત્તનો રોગ દૂર થશે."

આમ કહીને દેવ અંતર્ધાન થઈ ગયા. શેઠના મનનું સમાધાન થયું. તેમણે વળતા દિવસની વહેલી સવારે પ્રતિમાઓ ઉત્થાપન કરીને ભોંયરામાં ભંડારી દીધી ને તે શેઠ દેવ વચન અનુસાર ગાંગડા ગામે ગયા. ત્યાં જઈને જુએ છે તો અજારા પાર્શ્વનાથની મૂર્તિ હાજર હતી. તેમની નજીક દીપને ધૂપ પ્રજળી રહ્યાં હતાં.

અહીં પેલાં રક્તપિત્તવાળા પ્રભુભક્તે પ્રભુજીની પૂજા-પખાળ કરી શરીર ઉપર તે ન્હવણજળ લગાડયું. એમ ત્રણ દિવસ સુધી કરતાં તેના શરીરનો રોગ નષ્ટ થયો અને કાયા કંચનવર્ણ બની ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે અલ્લાઉદ્દીન ખિલજીનું લશ્કર અજારામાં આવ્યું ત્યારે દેરાસરમાં પ્રભુજીની મૂર્તિઓ ન જોવાથી ક્રોધે ભરાઇને અહિંના છ દેરાસરોને નષ્ટ કરી નાખ્યાં. એક માત્ર મંદિર બચી ગયું.

આજથી દશ વર્ષ અગાઉ ગામડામાં ભોંયરૂં હતું, જે ઠેઠ અજારા સુધી જતું હતું. પરંતુ હવે સમયના પરિવર્તન થતાં તે ભોંયરૂ બંધ કરી દેવામાં આવ્યું છે.

આવી દંતકથાઓ અહીં પ્રચલિત છે.

**બીજાં સ્થાનો:-**

દેરાસરની બહાર દક્ષિણ દિશામાં એક દેરી છે. તેમાં શ્રી ઋષભદેવ ભ૦ની પાદુકા પધરાવેલી છે. તેની ઉપર આ પ્રકારે લેખ છે—

**"संवत् १६७८ फाल्गुन सुदि ९ शनिवारे विजयदेवसूरिराज्ये कल्याणकुशल शिष्य दया-कुशलगणी । श्री दीवबंदिर निवासी कीकाभार्या हीरासुत दोशी मदनकेन ॥"**

શ્રી ઋષભદેવ ભગવાનનાં પગલાં નીચે પૂર્વ તરફ શ્રી આનંદવિમલસૂરિ, દક્ષિણ તરફ શ્રી વિજયદાનસૂરિ, પશ્ચિમ તરફ શ્રી હીરવિજયસૂરિ, ઉત્તર તરફ સવાઇ શ્રી વિજયસેનસૂરિ; તેમજ અગ્નિખૂણામાં મેહમુનિ, નૈઋત્યખૂણામાં તત્વકુશળ, વાયવ્યખૂણામાં ઋષિ· વીરજી, ઇશાનખૂણામાં ઉપા૦ વિદ્યાસાગરજી વગેરેના પાદુકાઓ આઠે દિશામાં સ્થાપન કરેલી છે.

પૂર્વે આ સ્થળે દેરાસરો હોવાં જોઇએ.

આ દેરી પાસે રાયણનું ઝાડ છે.

શ્રી અજારા પાર્શ્વનાથ જિનાલયની બાજુમાં વંડો હતો, તેમાં એક ખંડિત પડેલું દેરાસર હતું. ત્યાં એક ધર્મશાળા કરાવવામાં આવી છે. નવકાર સી વગેરે સંઘજમણ અહીં થાય છે. ગરમ પાણી પણ અત્યારે અહિં મુકાય છે.

એની પાછળ ત્રણ ઓરડા છે, તેમાં પૂજારી રહે છે ખંડિત દેરાસર પાછળ બે દેરીઓ છે. તેમાં જવા માટે ત્રણ ઓરડાની પાસે દરવાજો મૂકેલો છે.

પહેલી દેરીમાં શ્રી પાર્શ્વયક્ષની મૂર્તિ છે. લોકો તેને ગણપતિની મૂર્તિ માનીને પૂજે છે.

બીજી દેરીમાં એક હનુમાનજીની મૂર્તિ છે. અને બીજી અંબિકાદેવીની મૂર્તિ છે. તેના ઉપર જીર્ણોદ્ધાર સમયનો લેખ છે.

ખંડિત થયેલા દેરાસરની ચારે બાજુએ દિવાલ હતી. એ સ્થાન શ્રાવકના વંડા તરીકે ઓળખાતું હતું.

અજારા પાર્શ્વનાથના મંદિરની ભમતી તરફનો એક જમીનનો ટુકડો દિવાલ બંધ હતો, તે દિવાલ પડી જતાં તેને ફરી ચણાવી લેવા શ્રાવકોએ ધ્યાન ન આપ્યું ને સરકારે એ જમીન કબજે લીધી.

ખંડિત દેરાસરવાળા વંડાની પૂર્વ તરફના એક ખાંચાની જમીનની પણ એવી સ્થિતિ થતાં એ જમીન પણ સરકારી જમીન સાથે ભેળવી દેવામાં આવી. ધર્મશાળાનું બાંધકામ કરતી વેળા એ જમીન વેચાતી લેવી પડી.

આ ગામમાં ઘણી ખંડિત જૈન પ્રતિમાઓ જૈનેતરોના કબજામાં હોવાનું જોવામાં આવે છે. તેઓ તેનો ફાવે તેવો ઉપયોગ કરે છે.

શ્રી અજારા પાર્શ્વનાથના મંદિરથી પૂર્વ દિશામાં, જ્યાં ઢોરોને બેસવાનો ગોંદરો છે ત્યાં એક વટવૃક્ષના મૂળ પાસે એક ખંડિત જિન પ્રતિમાનું મસ્તક પડેલું છે. આ મસ્તક શત્રુંજય ઉપર આવેલા ચૌમુખજીના દેરાસરમાં બિરાજમાન મૂળ-નાયકની પ્રતિમાના મસ્તક જેવડું છે. આ ખંડિત મુખાકૃતિ તીર્થંકર ભગવાનની હોવા છતાં લોકોએ એને શીતળાદેવીનું સ્થાનક બનાવી દીધું છે. એને દેવી માનીને તેના ઉપર સિંદુર વગેરે ચડાવીને લોકો આત્મકલ્યાણ કરે છે.

દેલવાડા તરફ જવાના દરવાજાની દિવાલે વૈરાગી બાવાઓને ઊતરવા માટેનું એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન છે ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવંતની એક ધ્યાનસ્થ પ્રતિમા છે. તે ચારેક ફૂટ ઊંચી છે. તેના ઉપાંગનો થોડો થોડો ભાગ ખંડિત થયેલો છે. તેને જૈનેતરો જુદી જુદી માન્યતા રાખીને પૂજે છે.

અજારા પાર્શ્વનાથના દેરાસરથી થોડે દૂર ઉત્તર તરફ જવાના દરવાજે ચાર ફૂટ ઊંચી ચક્રેશ્વરીમાતાની એક પાષાણ મૂર્તિ ઉભેલી છે. તેના પગનો થોડો ભાગ ખંડિત થયો છે. તે મૂર્તિ કોઇ છત્રીમાં કે દેરીમાં નથી લોકો તેને ગામની રક્ષા કરનારી દેવી તરીકે ઓળખે છે.

આ ચક્રેશ્વરી દેવીની મૂર્તિની નજીકમાં એક સ્થાન છે, તેને લોકો અજયપાલના ચોરા નામે ઓળખે છે. આ ચોરામાં ખૂબ ધન દટાયેલું છે એવી લોકમાન્યતાના કારણે સરકારે ત્યાં ખોદકામ કરાવ્યું હતું પરંતુ તે વખતે અંદરથી એટલા ભમરા છૂટયા કે એ કામ બંધ કરી દેવાની ફરજ પડી.

આ ચોરા પાસે ખંડિત પ્રતિમાઓના ઘણા અવશેષો પડેલાં જોવામાં આવે છે, ચોરામાંથી બે કાઉસ્સગ્ગિયા પ્રતિમાઓ નીકળી આવી હતી. જેને જિનાલયમાં પધરાવવામાં આવેલી છે ( તેનું વર્ણન અગાઉ આપ્યું છે. )

અહીંના ઉજ્જડ પ્રદેશમાંથી થોડા સમય પહેલાં પ્રાચીન ૧૫૦ જૈન મૂર્તિઓ મળી આવી હતી. આજે પણ તીર્થંકરદેવની તેમજ શાસનદેવ-દેવીઓની ખંડિત, અખંડિત મૂર્તિઓ જમીનમાંથી મળી આવે છે. અજયપાળના ચોરા નીચેથી એક દેવીની મૂર્તિ સહજ રીતે મળી આવી હતી. ત્યાં વધુ ખોદકામ કરવામાં આવે તો બીજી મૂર્તિઓ મળી આવવાની સંભાવના છે. અહીંથી મળી આવેલી મૂર્તિઓમાંથી એક મૂર્તિ ભાવનગરમાં દાદા સાહેબના મંદિરમાં છે અને બીજી મૂર્તિ મુંબઇના ગોડીજીના મંદિરમા છે.

**અજયપાળના ઝાડ:**

અજયપાળના ચોરાની આજુબાજુએ ૭–૮ ફુટનાં ઊંચાં, ઝીણાં પાંદડાંવાળાં ઝાડ થાય છે, જેને લોકો અજયપાળના ઝાડના નામે ઓળખે છે. આ ઝાડ શેનાં છે તે હજી પારખી શકાયું નથી પણ એનાં પાંદડામાં એવો ગુણ છે કે, તેને વાટીને ગમે તેવા ગડગૂમડ ઉપર બાંધવામાં આવે તો તે ગુમડું તરત ગળીને ફુટી જાય છે. પ્લેગની ગાંઠ ઉપર પણ તે અસરકારક ફાયદો કરે છે.

આ પાંદડાં માટે લોકોની માન્યતા એવી છે કે તે લેતાં પહેલાં તેને લેવાની વૃક્ષ પાસે યાચના કરવી જોઇએ. આવી યાચનાને ‘વૃક્ષ નોતરવું’ એમ કહેવામાં આવે છે. વૃક્ષને નોંતર્યા પછી શ્રીફળ વધેરીને નોંતરેલ વૃક્ષનાં પાંદડાં તોડવામાં આવે છે.

અજારા પાર્શ્વનાથ ભગવંતના ન્હવણ જળથી જેમ અજયપાળ રાજાનો કુષ્ટ રોગ નષ્ટ થયો એમ આજ પણ એમના ન્હવણ જળથી રોગ દૂર થવાનું લોકો માને છે. જૈનેતરો પણ એ ન્હવણ જળને ‘અમી’ સંજ્ઞા આપે છે. અને પોતાના શરીરે ચોળવાના પ્રયોગ કરે છે.

**ચમત્કારો**

એક વખતે એક કોળણ બાઇએ પોતાના પુત્રને નીકળેલી પ્લેગની ગાંઠ ઉપર ન્હવણ જળ ચોપડવાનો પ્રયોગ કર્યો અને નવમે દિવસે એની ગાંઠ ફુટી જતાં છોકરાને તદ્દન આરામ થઇ ગયો.

આ જિનાલયમાં આજે પણ દિવ્ય નાટારંભ થવાના અને દિવ્ય જ્યોતિ પ્રગટ થવાનાં દ્રશ્યો ઘણીવાર જોવામાં આવે છે. લોકવાણી છે કે અહીં એકવાર કેસરનો વરસાદ વરસ્યો હતો.

સં. ૧૯૫૪માં જ્યારે દેરાસરના જીર્ણોદ્ધારની શરૂઆત કરવામાં આવી ત્યારે પ્રાસાદના શિખર ઉપર સંધ્યા સમયે દિવ્ય પ્રકાશ જોવામાં આવ્યો

( અનુસંધાન પૃષ્ટ ૧૫૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચમી થિરા દ્રષ્ટિની સઝાય

લેખક:-વલ્લભદાસ નેણશી

(૧) દ્રષ્ટિ થિરા માંહે દર્શન જાત્યે,
રત્નપ્રભા સમ જાણો રે,
ભ્રાંતિ નહીં વળી બોધ સુક્ષ્મ,
**પ્રત્યાહાર** વખાણો રે,
(૨) એ ગુણ વીર તણો ન વિસારૂં,
સંભારૂં દિન રાત રે,
પશુ ટાળી સુરરૂપ કરે જે,
સમકિતને જીવદાતરે—

ભાવાર્થ:-આ પાંચમી થિરા દ્રષ્ટિમાં, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, તથા સમકિત મોહનીયનો ગ્રંથી ભેદ (ક્ષય)થવાથી સ્વસ્વરૂપનો સ્વાનુભવ થાય છે. અર્થાત તેલ-વાટ વિગેરે બહારના કૃત્રિમ સાધનોથી પ્રગટ થયેલ દીપક સમાન પ્રભા આ દ્રષ્ટિમાં નથી. પણ સ્વાનુભવથી પ્રાપ્ત થયેલી સ્વાભાવિક રત્નપ્રભા સમાન બોધ થાય છે, જેથી નિત્ય (અવિનાશી)સમ્યગ્જ્ઞાન-દર્શન પ્રગટ થાય છે અને તેથી અનાદિકાળના મિથ્યાત્વની ભ્રાંતિ નાશ પામે છે.

અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ, અને અજ્ઞાનનો નાશ થવાથી ઇંદ્રિયોના વિષયોમાં આસકતપણું તથા પરપુદ્ગલ રમણતા નાશ થવાથી **પ્રત્યાહાર** ગુણ એટલે મન અને ઇંદ્રિયોના વિષયોને જીતીને વૃત્તિ સંયમી બનવાનો ગુણ પ્રગટ થાય છે અને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આત્મા કૃતાર્થ બને છે.

અનંતકાળના સંસાર પરિભ્રમણથી રહિત કરનાર તથા સ્વસ્વરૂપનું ભાન કરાવનાર એવા અનંતકૃપાળુ પરમાત્મા શ્રી વીરપ્રભુના અસીમ ઉપકારને ક્ષણ માત્રની પણ વિસ્મૃતિ કર્યા વિના રાત દીવસ સતતપણે સંભારૂં છું, અને સમકિત દાતા પરમોપકારી શ્રી સદ્ગુરૂદેવને ઉલ્લાસિત ભાવે વંદન કરૂં છું.

(૩) બાલધૂલી ઘર લીલા સરખી,
ભવચેષ્ટા ઇહાં ભાસે રે,
રિદ્ધિસિદ્ધિ સવિ ઘટમાં પેસે,
અષ્ટ મહા સિદ્ધિ પાસે રે—એ

ભાવાર્થ:-જેમ બાળકો શેરીમાં ધુળના ઘરો બનાવીને ક્રીડા કરે છે, તે ઘરો કલ્પના રૂપ જ વાસ્તવિક નથી. સ્વસ્વરૂપનો સ્વાનુભવ કરનાર સમ્યગ્જ્ઞાની મહાત્માને પુદ્ગલના વિલાસો કે સંસારની સર્વ ચેષ્ટાઓ સત્ય લાગતા નથી પણ ધુળના ઘર જેવા લાગે છે અર્થાત અસત્ય-અસાર લાગે છે તેથી આવા વિશુદ્ધ જ્ઞાની મહાત્માને અંતરમાં સર્વે સિદ્ધિ-રિદ્ધિ અને અષ્ટ મહાસિદ્ધિઓ પણ આવીને રહે છે તે અષ્ટ મહા સિદ્ધિનું વર્ણન દ્રવ્ય તથા ભાવથી દર્શાવે છે.

(૪) વિષય વિકારે ન ઇંદ્રિય જોડે,
તે ઇહાં પ્રત્યાહારો રે,
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશી,
શેષ ઉપાય અસારો રે—એ—

ભાવાર્થ:-પાંચ ઇંદ્રિયોના વિષયોના આસક્તિ ભાવથી નિવૃત થઇને સ્વસ્વરૂપના આનંદમાં વર્તે તેજ પ્રત્યાહાર (મન ઇંદ્રિય જય) છે તેજ પામનાર જ્ઞાની આત્મા સંસારના સર્વે અસત્ય અને અસાર પદાર્થોથી ઉદાસીન (વિરક્ત) બનીને પરમ તત્ત્વજ્ઞાનરૂપી સર્વોતમ પ્રકાશમાં આનંદીત બને છે.

(૫) શીતલ ચંદનથી પણ ઉપજયો,
અગ્નિ દહે જેમ વનને રે,
ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ,
લાગે અનિષ્ટ તે મનને રે,—એ—

ભાવાર્થ:-જેમ શીતલ ચંદનથી ઉત્પન્ન થયેલો અગ્નિ પણ સમગ્ર વનનેબાળી નાંખે છે. તેમ ગમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા યમ-નિયમ-જપ-તપ-વ્રતાદિસાધનોમાં જીવાત્મા વર્તતો હોય તોપણ જો ભૌતિક ભોગોમાં આસક્ત થઈને રહેતો હોય તો પોતાના આત્મસ્વભાવને બાળી નાંખે છે. આવરણીત કરે છે.

મુખથી જ્ઞાન કથે અને અંતર છૂટયો ન મોહ
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.

શબ્દ અધ્યાત્મીઓ વા શુષ્કજ્ઞાનીઓની જેમ મોઢેથી મોટી મોટી તત્ત્વજ્ઞાનની વાતો કે ચર્ચાઓ કરે અને અંતરથી બહિરાત્મ ભાવે વર્તીને મોહાસક્ત રહે તો તે પામર જીવ જ્ઞાનનો સન્માર્ગનો તથા જ્ઞાની મહાત્માઓનો દ્રોહ કરે છે. ઇંદ્રિયોના વિષયોને ઝેર સમાન અનિષ્ટ માનીને તેનાથી નિવૃત થઈને તથા ગૃહવાસને પાશ સમાન કે બંધન સમાન જાણીને તેનાથી નિવૃત થવા માટે સતત પ્રયત્નશીલ બનીને આત્મજાગૃતિમાં રહે છે.

(૬) અંશ હોય ઇહાં અવિનાશી,
પુદ્ગલ જાલ તપાસી રે.
ચિદાનંદઘન સુયશ વિલાસી,
કેમ હોય જગનો આશી રે-એ-

ભાવર્થ :-દર્શન મોહનીયનો ક્ષયોપશમ થવાથી જેટલે અંશે મોહનીય કર્મ સત્તામાંથી અબંધકભાવે ક્ષય પામે છે. તેટલે અંશે આત્મ નિરાવરણ થાય છે અને જેટલે અંશે આત્માની નિરાવણતા થાય છે તેટલે અંશે આત્મા અવિનાશી ભાવને પામે છે જેથી તે સ્વાનુભવી, નિરાવરણી, અવિનાશી આત્મા આ સંસારની સર્વ રચનાને પુદ્ગલની જાલનો તમાસો (પુદ્ગલ રચનાનું નાટક) સમજીને તેના ઉદયમાં જરાપણ આકુલ અસ્થિર,કે આસક્ત ન થતાં પોતાના અસીમ સુયશકારક સચ્ચિદાનંદ સ્વરૂપનોજ વિલાસી (ભક્તિ) બને છે. વિભાવ દશામાં આત્મા એ કર્મનો કર્તા બનીને જે સંસાર પરિભ્રમણ કર્યું છે તે હવે સ્વભાવ દશામાં પોતાના સ્વરૂપનો કર્તા-ભક્તિ બનીને પર સ્વરૂપનો ફક્ત દ્રષ્ટા રહીને સચ્ચિદાનંદ સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રમાં મગ્ન રહીને કર્મબંધનથી મુક્ત બનીને પરમ પદ (મોક્ષ) પામવાને પરમ ભાગ્યશાળી બને છે.

[ **અજારા તીર્થ** પૃષ્ટ૧૫૭થી ચાલુ ]

હતો. જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરતાં અગ્ર ભાગ ઉપર પાલખ બાંધીને કારીગરો જ્યારે શિખર ઉપર કામકાજ કરી રહ્યા હતા ત્યારે એકાએક આકાશવાણી થઇ કે સાવચેત થાઓ, નીચે ઊતરો.' આ ચેતવણી સાંભળીને કારીગરો જેવા નીચે ઊતર્યા તેવી જ એ પાલખ તૂટી પડી.

મંદિરના અગ્ર ભાગ ઉપર કોઈ વેળા તેજસ્વી દીપક પ્રજ્વલતો જોવામાં આવે છે.

એક વખત પ્રભુજીની પૂજા રહી ગયેલી પણ પાછળથી તપાસ કરતાં પૂજા થયેલી માલમ પડતી હતી,

સં. ૧૯૯૯માં જ્યારે મૂર્તિ ઉપરનો લેપ જીર્ણ થઇ ગયો ત્યારે નવો લેપ કરાવવા માટે અમદાવાદથી બે કારીગરોને બોલાવવામાં આવેલા. એ સમયે પૂજારીએ વહેલી પખાલ-પૂજા કરી લીધી છેવટે પ્રભુની આરતી અને મંગળદીવો ઉતારતી વખતે લેપ કરનારા કારીગરો હથિયારો લઈને પ્રભુની આગળ આવીને ઊભા. ગોઠીએ તેમને કહ્યું, 'પ્રભુને મંગળદીવો ઉતારી લઉં ત્યાં સુધી થોભો.' કારીગરોએ જવાબ આપ્યો કે, 'હવે જોયા તમારા શ્રાવકના દેવ.'

બસ એ જ સમયે તોપ જેવો અવાજ થયો. એ સાંભળીને કારીગરોના હાથમાંના હથિયારો હેઠા પડી ગયાં. આખાયે દેરાસરમાં પ્રભુજીનો જેવો લાલ રંગ છે તેવો રંગ સર્વત્ર છવાઈ ગયો. આખા રંગમંડપ અને ગભારામાં લાલ ઘટા થઈ ગઇ, ત્યાં સુધી કે એક માણસ બીજા માણસને જોઈ ન શકે. આ ઘટા દશેક મીનીટ સુધી રહી હતી. આ જોઇને કારીગરોએ કહ્યું, 'અમે દેવને લેપ નહીં કરી શકીએ. આવા દેવ અમે કયાંય કદી જોયા નથી.' ઘણી સમજાવટ પછી કારીગરો માની ગયા અને લેપ કરવા લાગી ગયા.

### અહીંની આબોહવા

આ સ્થળનાં કુદરતી હવા પાણી એટલાં સારાં અને સ્વચ્છ છે કે, બિમાર માણસ દવા લીધા વિના જ તંદુરસ્ત બની જાય છે. આ સ્થળનું પાણી આસપાસના પાણી સાથે મુકાબલો કરતાં રતલે એક રૂપિયાભાર વજનમાં ઓછું થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર સમાલોચના

**ભગવતી આરાધના:–ભાગ ૧ લો ગુજરાતીમાં**
અર્થ ભાવાર્થ તૈયાર કરનાર
**સૌભાગ્યચંદ ગો. તુરખીયા.**
સંપાદક:–**નગીનદાસ ગીરધરલાલ શેઠ**
**કિંમત રૂા. ૬–૦૦**

આ એક પ્રાચીન અને મહાન ગ્રંથ છે. સદ્ગતિને માટે સમાધિમરણ અત્યંત આવશ્યક છે અને સમાધિમરણ માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધના માટેનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. અધ્યયન, ચિંતન અને મનન કરવા યોગ્ય ગ્રંથ છે.

**આત્મસિદ્ધશાસ્ત્ર:–**( શ્રીમદ્ રાજચંદ્ર પ્રણિત )
**જૈન સિદ્ધાંત** ગ્રંથમાળા મણકો ૩૮ મો
વિવેચન લખનાર: **ભોગીલાલ ગીરધરલાલ શેઠ**
પ્રકાશક:–**જૈન સિદ્ધાંત સભા, મુંબઈ**
**કિંમત રૂા. ૪–૦૦**

આ કૃતિમાં શ્રીમદે આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. આમાં શ્રીમદે જે નિરૂપણ કર્યું છે તે જીવનના અનુભવમાંથી આપેલું હોઈ માત્ર તાર્કિક નથી પણ આત્માનુભવથી થયેલ સિદ્ધ પ્રતીતિ છે. આધ્યાત્મિક જીવનનું પરમ ઉત્કૃષ્ટ રહસ્ય આમાં છે. મુમુક્ષોએ ખાસ વાંચવા અને ચિંતન અને મનન કરવા યોગ્ય ગ્રંથ છે.

**શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્:–**અનુપૂર્તિકાર અને સંપાદક:–**પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક:–**શ્રી સિદ્ધહેમ પ્રકાશન સમિતિ, મુંબઈ.**

કલિકાળસર્વજ્ઞ પૂ. આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરિશ્વરજીએ સિદ્ધહેમ વ્યાકરણ રચેલ છે. અને તેના ઉપર તેમણે જ ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ બૃહન્યાસ રચેલ હતો. આજે તે સંપૂર્ણ પણે ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં પ્રાપ્ત થતાં ન્યાસને શુદ્ધ કરવાનું અને જે ન્યાસ મળતો નથી તેનું અનુસંધાન કરવાનું વિકટ કાર્ય પૂ. આચાર્ય મહારાજ શ્રીએ કરેલ છે, જેના સંદર્ભમાં આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે. આ વિષયના અભ્યાસીઓએ ખાસ વાંચવા અને વસાવવા યોગ્ય છે.

**જીવનયાત્રાના સંસ્મરણો:–**લેખક અને પ્રકાશક:
**વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ, ભાવનગર.**
**મૂલ્ય બાર આના**

આ પુસ્તકમાં લેખકે પોતાનો વિસ્તૃત જીવન-પરિચય આપ્યો છે.

**જંબુસ્વામી રાસ:—** સંપાદક:– ડો. રમણલાલ ચીમનલાલ શાહ પ્રકાશક— શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોધ્યાપક ફંડ, સૂરત.
કિંમત રૂા. ૨=૦૦

“વાણી વાચક જસતણી કોઈ નમે ન અધૂરીજી” એવા સમર્થ ભાષા પ્રભુત્વવાળા પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત આ જંબૂસ્વામી રાસનું સંપાદન તેમની પોતાની જ હસ્તલિખિત પ્રત ઉપરથી કરવામાં આવ્યું છે. સંસ્કૃત અને પ્રાકૃતમાં અનેક ગ્રંથોની રચના કરનાર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં પણ ઘણી રચનાઓ કરી છે. આ રાસમાં એમનું ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ ઘણું સારૂં જોઈ શકાય છે. પૂ. મહોપાધ્યાય મહારાજશ્રીનો જીવનપરિચય તથા તેમની અન્ય કૃતિઓની નામાવલિ તેમજ અંતરગત અંગેનું ટિપ્પણ આપીને ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરવામાં આવ્યો છે. જંબુસ્વામીરાસનું આ સંપાદન ઘણુંજ આવકારદાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી મહેન્દ્ર જૈન પંચાગ (વર્ષ ૨૮ મું):—** કર્તા:-પૂ. આચાર્યશ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી કિંમત રૂ. ૧=૨૫

સાંપત અને નિરપત પદ્ધતિ પ્રમાણે ઘણા પંચાંગો દર વર્ષે પ્રગટ થાય છે. પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમયની જરૂર હોય તેમની જરૂરિયાત આ પંચાંગ પુરી પાડે છે. હિંદુ વ્રત તહેવારો પણ આમાં ઉમેરીને આ પંચાંગ સર્વજનતાને ઉપયોગી બનાવવામાં આવ્યું છે. સં. ૨૦૨૦ની સાલમાં અધિક તેમજ ક્ષય માસ આવે છે. જનતા આવા પ્રસંગે ગુંચવણો ન અનુભવે તે માટે આ પંચાંગમાં સં. ૨૦૧૯ના પંચાંગની સાથે સં. ૨૦૨૦ના ફાગણ સુધીનું પંચાંગ પણ આપેલું છે. આ પંચાંગ સહુ કોઈએ, જૈનોએ તો ખાસ અપનાવી લેવા યોગ્ય છે અને તે માટે અમારી ભલામણ છે.

---

શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી બી. એ. બી. એસસી. બાર-એટ-લો (ચીફ જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ)ના રવિવાર તા. ૫મી ઓગસ્ટ ૧૯૬૨ના રોજ થયેલ અકાળ અવસાન અંગે ઊંડા શોક અને દિલસોજીની લાગણી અમે વ્યક્ત કરીએ છીએ.

સ્વ. શ્રી બદામી ધાર્મિક તથા કેળવણી વિષયક અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમજ જૈનધર્મ તથા વૈદિક તત્ત્વજ્ઞાનના તેઓ ઊંડા અભ્યાસી હતા. સંસ્કૃત સાહિત્યના પણ તેઓ પ્રખર વિદ્વાન હતા.

આવા શિક્ષણપ્રેમી, સાહિત્ય ઉપાસક, સેવાપરાયણ અને સંનિષ્ઠ કાર્યકરના દુ:ખદ અવસાનથી જૈનસમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ આ સભાના એક આજીવન સભ્ય હતા. અમે તેમની બહુવિધ સેવાઓને અંજલિ આપીએ છીએ તથા તેમના પુણ્યાત્માને ચિર શાંતિની પ્રાર્થના કરીએ છીએ.

---

શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી બી.એ. (ઓનર્સ)ના મંગળવાર તા. ૭ મી ઓગષ્ટ ૧૯૬૨ના રોજ થયેલ અવસાન અંગે અમે દુ:ખ અને દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

સ્વ. શ્રી ચંદુલાલભાઈ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમજ ધર્મ, કેળવણી તથા સમાજની અનેક નાની મોટી સંસ્થાઓ સાથે ગાઢ સંપર્ક ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી આવી સર્વે સંસ્થાઓને ન પૂરાય તેવી સાચા અને પીઢ કાર્યકરની ખોટ પડી છે. આવી નિ:સ્પૃહી, ધર્મપ્રિય અને શિક્ષણપ્રેમી વ્યક્તિ આપણી વચ્ચેથી જતાં ખરેખર દુ:ખ અને ગ્લાનિ થાય છે. સ્વર્ગસ્થ આ સભાના જૂના પેટ્રન હતા. અમે સ્વર્ગસ્થના સેવાપરાયણ આત્માને શાશ્વત શાંતિ ઈચ્છીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. G. 49

## शाश्वत जीवन प्रगटाववा अंतरात्माने निर्देश.

હરિગીત.

કષ્ટોતણાં નિર્માણથી અભિભૂત થઈ ગભરાય શું ?
શ્રદ્ધાવડે સંસાર ચીલો કાપતાં કરમાય શું ?
આવી મળે જે જે પ્રસંગો અશુભ કે શુભને વિષે,
કરી તુલ્યવૃત્તિ શાંતિથી કર ચિત્ત સંયમ દશ દિશે.

ના તુચ્છ તું; નથી હીન તું; સામર્થ્ય તારૂં જો રહ્યું,
સંતપ્ત કાં કર ચિત્ત ત્હારું ! આયુ નિષ્ફળ જો વહ્યું;
નિર્લેપ બનવા મોહજલ સંપર્કથી તૈયાર થઈ,
શુભ સાધવા સાક્ષી બની દુર્વાસના જીતી લઇ.

× × ×

જે જે મનુષ્યો સંયમી છે વચન, મન, કાયા થકી,
સંપ્રાપ્ત તો છે તેમને પરમાત્મપદની વાનકી;
છે પરમપદની સિદ્ધિનું જો લક્ષ્યબિંદુ શાસ્ત્રનું;
અધ્યાત્મલક્ષી યુક્ત છે ઐશ્વર્ય પ્રાણી માત્રનું.

જીવો અનંતા જે કર્મે સિદ્ધિ ગયા તે માર્ગનો,
સાદર કરી, અવસાન કરજે અંતરારિવર્ગનો;
છે મૂલરૂપ સ્વભાવગત તે પામવા તૈયાર થા,
શ્રદ્ધા લહી પરિણામ માટે ભાઇ તું ન અધિર થા.

મલિન માટીથી નીકળતું, માટી માંહે લય થતું,
અંતિમ ભાવી વિશ્વના જે જડ પદાર્થોનું હતું;
તારી સંકલના નથી તે ભાવિ સાથે જો હવે,
અજ્ઞાત ભાવી વારસાથી જ્ઞાત થઈ જા આ ભવે.

જાગૃત કરી એ સુપ્ત શક્તિ અનવાદ્ય સામર્થ્યથી,
ઉત્સંગમાં અધ્યાત્મલક્ષી પ્રાપ્ત કરવા વીર્યથી;
ચિરકાળનાં જે બંધનો પ્રિયતમ હવે તું તોડજે,
ફત્તેહથી પરમાત્મપદની પ્રાપ્તિમાં મન જોડજે.

"સ્વાનુભવ-ચિંતન" પા. ૨૭૨-૪

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ. ભાવનગર

For Private And Personal Use Only